અપીલ અરજી નં.૩૨ તા.૨૮–૪–૧૦/૧૧

અરજદારઃ– શ્રી હરેન્દ્રભાઈ પ્રતાપ રઘુરાજસિંહ રાજપુત

સામાવાળાઃ– ડે.કમિશ્નર(સ્પે) અને જાહેર માહિતી અધિકારી(અઠવાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી હરેન્દ્રભાઈ પ્રતાપ રઘુરાજસિંહ રાજપુતની તા.૧૦–૨–૧૦ ની અરજીથી મુદ્દા નં.૧મુખ્યમંત્રીને તા.૩–૯–૦૯ ના રોજ કરેલ અરજી સંદર્ભે શ.વિ. અન. શ.વિ.ગૃ.નિ. વિ. ના તા.૧૧–૯–૦૯ ના પત્ર સંદર્ભે અરજદારની અરજીની થયેલી તપાસ ની માહિતી બાબત. મુદ્દા નં.૨ અરજદારે તા.૨૮–૮–૦૯ ના રોજ કલેકટરશ્રીને કરેલ અરજી બાબતે કયા પગલા લેવામાં આવ્યા તેની માહિતી બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૮–૪–૧૦ ની **SMC/FAP/** નં.૩૨/૨૦૧૦–૧૧

શ્રી હરેન્દ્રભાઈ પ્રતાપ રઘુરાજસિંહ રાજપુતનીતા.૧૦–૨–૧૦ ની અરજીથી મુદ્દા નં.૧મુખ્યમંત્રીને તા.૩–૯–૦૯ ના રોજ કરેલ અરજી સંદર્ભે શ.વિ. અન. શ.વિ.ગૃ.નિ. વિ. ના તા.૧૧–૯–૦૯ ના પત્ર સંદર્ભે અરજદારની અરજીની થયેલી તપાસ ની માહિતી બાબત. મુદ્દા ન..૨ અરજદારે તા.૨૮–૮–૦૯ ના રોજ કલેકટરશ્રીને કરેલ અરજી બાબતે કયા પગલા લેવામાં આવ્યા તેની માહિતી બાબતે આપેલ માહિતીના મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૮–૪–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૯૪ તા.૧૨–૫–૧૦ થી ડે.કમિશ્નર(સ્પે) અને જાહેર માહિતી અધિકારી(અઠવાઝોન) તથા અરજદારને અપીલ અરજીમાં તા.૧૦–૨–૧૦ અને તા.૩–૩–૧૦ જણાવેલ છે જે અંગે કઈ અરજી બાબતે તેઓ અપીલ કરવા માંગે છો તે સ્પષ્ટ કરવા તથા તે અંગેની મૂળ અરજીની નકલ, ફી ની વિગત તથા તે અંગે મળેલી માહિતીની નકલ અને તેની નારાજગી બાબતેની વિગતો જણાવવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.વેઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૧૫૮ તા.૧૯–૫–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં અરજદારની તા.૨૮–૮–૦૯ ના રોજ જિલ્લા સેવા સદન સુરતને કરેલ અરજીની નકલ, અરજદારને પાઠવેલ પત્ર ૩૪૮૧ તા.૮–૯–૦૯ ના પત્રની નકલ તથા તે પહોં ચાડયાના ટપાલબુકની નકલ, શ.વિ. અને શ.વિ.ગૃ.નિ. વિ. ના તા.૧૧–૯–૦૯ ના પત્રની નકલ, નગર નિયોજક અને મ. જાહેર માહિતી અધિકારીએ ટીપીડી/આરટીઆઈ/૪૭૭ તા.૨–૩–૧૦ ના પત્રની નકલ, અરજદારની મુળ અરજીની નકલ, અરજદારને આપેલ માહિતી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૯૯૫ તા.૨૬–૩–૧૦ ના પત્રની નકલ અત્રેના વિભાગને મળેલ છે. જયારે અરજદાર તરફથી તા.૧૦–૨–૧૦ ની મુળ અરજીની નકલ, તા.૨૬–૩–૧૦ નો જાહેર માહિતી અધિકારી તરફથી મળેલ જવાબની નકલ, અઠવાઝોને તા.૨૮–૮–૦૯ ની અરજી સંદર્ભે આપેલ જવાબ નં.સા.વેઝોન/અઠવા/ આરટીઆઈ/આ.નં.૩૪૮૧ તા.૮–૯–૦૯ ના પત્રની નકલ, શ.વિ. અને શ.વિ.ગૃ.નિ. વિ. ના તા.૧૧–૯–૦૯ ના પત્રની નકલ તથા સીપીસીની કલમ–૮૦ મુજબની તા.૧૦–૯–૦૯ ની એડવોકેટ શ્રી તિવારીએ આપેલ નોટીસની નકલ, સુરત જિલ્લા સેવાદસદનને તા.૨૮–૮–૦૯ ના રોજ કરેલ અરજીની નકલ મળેલ છે. પરંતુ અરજદારે ૧૦–૨–૧૦ તથા ૩–૨–૧૦ ની અરજી અંગે કોઈ સ્પષ્ટતા કરેલ નથી. જે વિગતો અત્રે મળેલ છે.

અરજદારની તા.૧૦–૨–૧૦ ની અરજીથી મુદ્દા નં.૧મુખ્યમંત્રીને તા.૩–૯–૦૯ ના રોજ કરેલ અરજી સંદર્ભે શ.વિ. અન. શ.વિ.ગૃ.નિ. વિ. ના તા.૧૧–૯–૦૯ ના પત્ર સંદર્ભે અરજદારની અરજીની થયેલી તપાસ ની માહિતી બાબત. મુદ્દા નં.૨ અરજદારે તા.૨૮–૮–૦૯ ના રોજ કલેકટરશ્રીને કરેલ અરજી બાબતે કયા પગલા લેવામાં આવ્યા તેની માહિતી માંગતી અરજી મ્યું. કમિશ્નરશ્રીને કરવામાં આવેલ. જે ટાઉન પ્લાનીંગ વિભાગ મારફતે પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/૪૭૭ તા.૨–૩–૧૦ થી મ. જાહેર માહિતી અધિકારી અને કાર્યપાલક ઈજનેર અઠવાઝોનને તબદીલ કરવામાં આવેલ. જે અઠવાઝોન તરફથી નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૪૬૬ તા.૩–૩–૧૦ નો આઈ ડી નંબર થી નોધાયેલ છે. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/ ૯૯૫ તા.૨૬–૩–૧૦ થી " માંગવામાં આવેલી માહિતી અન્વયે આપને ઝોન કચેરીના તા.૮–૯–૦૯ ના પત્ર ક્રમાંક નં.સા.વે.ઝોન/અઠવા/૩૪૮૧ થી જવાબ આપવામાં આવેલ છે." તેવી માહિતી આપવામાં આવેલ. જે બાબતે અરજદારે તા.૨૮–૪–૧૦ ના રોજ અપીલ અરજી કરી ૩૦ દિવસની અંદર કોઈ નિર્ણય કે માહિતી મળેલ નથી કે માંગેલ માહિતી આપવામાં આવેલ નથી. જાહેર માહિતી અધિકારી અઠવાઝોન સુરતનાએ માંગેલી માહિતી ન આપવાથી નારાજ હોવાથી અને ખોટો લેટર આપેલ હોવાથી અપીલ સાદર રજુ કરુ છું તેવું જણાવી અપીલ અરજી કરેલ છે. જે બાબતે જાહેર માહિતી અધિકારીએ અપીલ તબકકે પૂરક વિગતોમાં પત્ર નં.૧૫૮ તા.૧૯–૫–૦૮ થી આપેલ માહિતીમાં અરજદારને પત્ર નં.૩૪૮૧ તા.૮–૯–૦૯ થી તેમની તા.૨૮–૮–૦૯ ની અરજી બાબતે અરજદારને આપેલ જવાબની ટીપી સ્કીમ નં.૬ (મજુરા–ખટોદરા) ના ફા પ્લોટ નં.૧૨૧ ના કબ્જા ફેરફારના અમલી કરણ બાબતે ઓરીજનલ પ્લોટ ના માલિકો/કબ્જેદારોને વખતોવખત ટાઉન પ્લાનીંગના સ્કીમના કબ્જા ફેરફાર અંગેની નોટીસો બજાવવામાં આવેલ છે સદરહુ ઓ.પી. ૪૪ પૈકી વાળી મિલ્કતમાં પ્રત્યક્ષ કબ્જો ફા.પ્લોટ નં.૧૨૧ ના માલિકોને આપવા નામદાર હાઈકોર્ટે કરેલ હુકમનો અમલ કરવાનો થાય છે. તેવું

જણાવી. જેથી આપની અરજીમાં જણાવેલ વિગતો વજુદ વગરની જણાતી હોય ગ્રાહય રાખવામાં આવતી નથી. તેમજ મિલ્કતમાંથી અનઅધિકૃત ભોગવટો દુર કરવા આપને તાકીદ કરવામાં આવે છે. જેની સ્પષ્ટ નોંધ લેવા પણ જણાવતો પત્ર પાઠવવામાં આવેલ છે. જે પત્ર બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી અરજીના અનુસંધાનમાં પત્ર નં.સા.વેઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૯૯૫ તા.૨૬–૩–૧૦ થી આપેલ માહિતીમાં જણાવેલ છે. આમ અરજદારને તે અંગેની માહિતી પૂરી પાડેલ જણાય છે. અરજદારે અપીલ અરજીમાં મુળ અરજીથી અપીલ તબકકે અન્ય અલાયદા પ્રશ્નો સેકશન –૮૦ મુજબની નોટીસ વિગેરે કાર્યવાહીને લગતા મુદ્દાઓ અંગે રજૂઆત કરેલ છે. પરંતુ જાહેર માહિતી અધિકારી કક્ષાએથી તા.૨૬–૩–૧૦ ના રોજ આપેલ માહિતીમાં પૂરી વિગત જણાવ્યા સિવાય માત્ર અગાઉના પત્રનો ઉલ્લેખ કરેલ છે. જે પર્યાપ્ત નથી. આરટીઆઈ એકટની કલમ–૬(૧) હેઠળ પ્રત્યેક અરજી સ્વતંત્ર હોઈ, પ્રત્યેક અરજીની અલાયદી માહિતી પૂરી પાડવી રહે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૦–૨–૧૦ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી બાબતે અરજદારને દફતરી હકીકતલક્ષી બાબત હેઠળની અરજી અંગે અલાયદી માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં પૂરી પાડવા ડે.કમિશ્નર(સ્પે) અને જાહેર માહિતી અધિકારી અઠવાઝોનને જણાવવામાં આવે છે.

અરજદાર અપીલ તબકકે મુળ અરજીથી અલાયદા પ્રશ્નો અંગે સક્ષમ સત્તાને રજૂઆત કરવા સ્વતંત્ર છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૫–૧૦

ડે.કમિશ્નર (જનરલ)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) ડે.કમિશ્નર(સ્પે) અને જાહેર માહિતી અધિકારી અઠવાઝોન ..જાણ તથા અમલ માટે
(૨) શ્રી હરેન્દ્રભાઈ પ્રતાપ રઘુરાજસિંહ રાજપુત